# આસામ હિંસા સામે મુંબઈમાં ભારે તોડફોડ

મુંબઈ, તા.૧૧

આસામમાં તાજેતરમાં જ ભડકેલી સાંપ્રદાયિક હિંસાની અસર આજે દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં પણ જોવા મળી હતી. મુંબઈમાં આસામ હિંસા સામેના વિરોધમાં દેખાવ દરમિયાન સ્થિતી વણસી ગઈ હતી. જેના કારણે વ્યાપક તોડફોડ અને આગના બનાવ બન્યા હતા. ઘણી જગ્યાએ વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી. જેથી પરિસ્થિતી તંગ બની ગઈ હતી. હિંસાને કાબુમાં લેવા માટે પોલીસને લાઠીચાર્જ કરવાની પણ ફરજ પડી હતી.

અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ત્રણ ખાનગી ન્યુઝ ચેનલોના વાહનોને પણ આગ ચાંપી દેવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય ઘણાં વાહનોને આગ ચાંપવામાં આવી હતી. મુંબઈના કાયદો અને વ્યવસ્થા આઈજીએ કહ્યું છે કે પરિસ્થિતી સંપુર્ણ પણે નિયત્રણ હેઠળ છે. આસામમાં હાલમાં હિંસા સામેના વિરોધમાં મુબઈના આઝાદ મેદાન ખાતે અનેક મુસ્લિમ સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શન દરમિયાન એકાએક હિંસા ભડકી ઉઠી હતી. દરમિયાન મહારાષ્ટ્રના ગૃહ પ્રધાન આરઆર પાટીલે શાંતિ જાળવી રાખવા લોકોને અપીલ કરી છે. ઈસ્લામીક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા કામ કરતી સંસ્થા રાજા એકેડમીના નેતૃત્વમાં દેખાવનું આયોજન કરવામાં આવ્યું હતું આ દેખાવનું સુન્ની જમાત ઉલ ઉલેમાં, જમાતે રઝા મુસ્તફા જેવી સંસ્થાઓએ પણ ટેકો આપ્યો હતો.



મુસ્લિમો સામે હાલમાં જ આસામમાં હિંસા થઈ હતી. સેકડોંની સંખ્યામાં સભ્યો અને આ સંસ્થાના કાર્યકરો આઝાદ મેદાન ખાતે એકત્રીત થયા હતા અને આ લોકોએ મુસ્લિમ સમુદાયના હત્યા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. અગાઉ જામિયા કાદ્રિયા અસ્ક્ષફિયાના પ્રમુખ મૌલાના સૌયદ મોઈનુદીને દરમિયાનગીરી કરવા કેન્દ્ર અને રાજ્ય સરકારને અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે મુસ્લિમ સમુદાયના લોકોનું રક્ષણ કરવાની જવાબદારી કોંગ્રેસ સરકારની છે. આસામમાં હિંસાએ આક્રમક સ્વરૂપ ધારણ કરી લેતા તંગદિલી ફેલાઈ ગઈ હતી. મ્યાનમારમાં પણ હાલમાં હિંસા ભડકી ઉઠી હતી. મ્યાનમારમાં હિંસા સામે આ લોકોએ વાંધો ઉઠાવ્યો હતો. મ્યાનમારની સરકાર, સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા, આંતરરાષ્ટ્રિય્ માનવ અધિકાર સંસ્થા, ઈસ્લામિક દેશોની સંસ્થાઓમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને પણ પત્ર લખીને જાણ કરવામાં આવી છે. મુસ્લિમ સંગંઠનોના કાર્યકરો આજે આક્રમક મુડમાં આવી ગયા હતા. અનેક હિન્દી ન્યુઝ ચેનલોની ગાડીઓને આગ ચાંપી દેવામાં આવી હતી. મેદાન ખાતે ઉપસ્થિત પોલીસ કર્મીઓને પણ ટાર્ગેટ બનાવીને હુમલા કરાયા હતા. તોડફોડ અને હુમલામાં ઘણા પોલીસ જવાનો પણ ઘાયલ થયા છે. હિંસા થોડાક સમયમાં દક્ષિણ મુંબઈના અનેક વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી. બેસ્ટની બસોમાં પણ તોડફોડ કરવામાં આવી હતી. મુંબઈમાં હિંસા ભડકી ઉઠ્યા બાદ સાવચેતીના તમામ પગલા લેવાયા છે.

# પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ૩નો ટુંકમાં જ વધારો

નવી દિલ્હી, તા.૧૧

નુકશાન વધીને પ્રતિલીટર ૩.૫૬ રૂપિયા સુધી પહોંચી ગયું છે ત્યારે જાહેર ક્ષેત્રની તેલ કંપનીઓએ પેટ્રોલની કિમતમાં તાત્કાલિક વધારો કરવાની માંગ કરી છે. જેથી એવી અટકળો ચાલી રહી છે કે પેટ્રોલની કિમતમાં લીટરદીઠ રૂપિયા ત્રણ સુધીનો વધારો ટૂક સમયમાં જ ઝીંકવામાં આવે તેવી શક્યતા છે. જો કે સરકાર પેટ્રોલની કિમતમાં ત્રણ રૂપિયા સુધીનો વધારો કરવા મંજુરી આપશે કે કેમ તેને લઈને કંપનીઓને આશા દેખાઈ રહી નથી. સરકારી ઓઈલ કંપનીઓએ છેલ્લે ૨૪મી જુલાઈના દિવસે અમલી બને તે રીતે પેટ્રોલની કિમતમાં ૭૦ પૈસાનો વધારો લીટરદીઠ ઝીંકયો હતો. ત્યારબાદથી વૈશ્વિક ઓઈલ કિમતોમાં બેલર દીઠ



૧૨ ડોલરનો વધારો થઈ ચુક્યો છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ચેરમેન આરએસ બુટાલાઓ માહિતી આપતા કહ્યું છે કે સિંગાપુર બજારમાં બેન્ચમાર્ક ગેસોલિન રેટની સરેરાશ કિમત પર આધારિત પેટ્રોલ પર અમને લીટરદીઠ ૧.૩૭નું નુકશાન થઈ રહ્યું છે પરંતુ આ મહિનામાં તેલ કિમતો પર આધારિત વર્તમાન ગણતરી કરવામાં આવે તો નુકશાન વધીને લીટરદીઠ ૩.૫૬ સુધી થઈ જશે. પેટ્રોલની કિમતને જુન ૨૦૧૦માં અંકુશમુક્ત કરવામાં આવી હતી પરંતુ ખર્ચના અનુસંધાનમાં કિમતોમાં ફેરફાર કરવામાં આવ્યુ નથી. ઓઈલ કંપનીઓએ આ મહિનામાં પેટ્રોલની કિમતમાં લીટરદીઠ ૧.૩૭નો વધારો કરવા માટે દબાળ લાવ્યુ છે પરંતુ સરકારે મંજુરી આપી નથી. સંસદનું મોનસૂન સત્ર હાલમાં ચાલી રહ્યુ છે. દેશની સૌથી મોટી ફ્યુઅલ રિટેલર ઈન્ડિયન ઓઈલને ત્રિમાસિક નુકશાન ૨૨૪૫૧ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. ઓટો અને રાંધન ગેસની કિમતોમાં વળતર આપવા સરકાર નિષ્ફળ ગઈ છે જેથી નુકશાનમાં સતત વધારો થઈ રહ્યો છે. આવી જ રીતે દેશના ત્રીજા સૌથી મોટા ફ્યુઅલ રિટેલર હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડને પણ એપ્રિલ-જુનના ત્રિમાસિક ગાળામાં નુકશાન ૯૨૪૯ કરોડ સુધી પહોંચી ગયુંછે. કોઈ લિસ્ટેડ કોર્પોરેટ દ્વારા ત્રિમાસિક ગાળામાં આ મોટુ નુકશાન છે.

# ૨૭ ટકા સુધી વીજનો બગાડ થઇ રહ્યો છે : મોઇલી

નવી દિલ્હી,તા.૧૧

કેન્દ્રિય ઉર્જા પ્રધાન એમ વિરપ્પા મોઈલીએ આજે કહ્યું હતું કે ૨૭ ટકા વીજળીનો બગાડ થઈ રહ્યો છે. તેમણે એમપણ કહ્યું છે કે વીજળીના બગાડને રોકવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. દરમિયાન પાવર સેક્ટર દ્વારા નુકસાનનો આંકડો સતત વધી રહ્યો હોવાની વાત કરવામાં આવી છે. મોઈલીનું કહેવું છે કે જો ખાનગી ડિસ્ટ્રીબ્યુટરો એટીએન્ડસી નુકસાનને ઘટાડી શકે છે તો ફાયદો થશે. ત્રણ મહિનાની અંદર સ્થિતીમાં સુધારો કરવામાં આવશે. સતત બે દિવસ સુધી ગ્રીડ ફેલિયોર બાદ વીજળી ખાતુ સંભાળનાર મોઈલીએ કહ્યું હતું કે વીજ કટોકટીને ટાળવા માટે તમામ સંભવીત પગલા લેવામાં આવી રહ્યા છે. હાલમાં જ દેશનાં



મોટાભાગના વિસ્તારો અંધાળપટ હેઠળ આવી ગયા હતા. સર્વોચ્ચ શિસ્ત જાળવી રાખવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ઓલ ઈન્ડિયા સરેરાશ એટીએન્ડસી નુકસાનને ઘટાડીન ૧૦થી ૧૨ ટકાની નીચી સપાટી પર લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. વર્ષ ૨૦૦૯માં ઓલ ઈન્ડિયા એવરેજ એટએન્ડસી નુકસાન ૨૭.૧૫ ટકા હતું. જેમાં સાઉથર્ન પ્રદેશમાં નુકસાન સરેરાશ ૧૯.૪૯ ટકા અને નોર્થસ્ટર્ન પ્રદેશમાં નુકસાન સરેરાશ ૩૬.૪૪ ટકા હતું. કેટલાક રાજ્યોએ નુકશાનની ટકાવારી ઘટાડી દીધી છે. વીજળી ઉત્પાદનની ક્ષમતાને વધારવા માટે મોઈલેએ કહ્યું હતું કે રાજ્યોમાં કેટલાક પાવર પ્રોજેક્ટો હાથ ધરવામાં આવ્યા છે જે શરૂ થવાની તૈયારીમાં છે. જો કે હાલમાં પર્યાવરણના વાંધાઓ અને અન્ય મુદ્દાઓના લીધે રોકી રાખવામાં આવ્યા છે. આગામી સપ્તાહોમાં નાનકડા મુદ્દાઓને મંજુરી આપવા અન્ય પ્રધાનો સાથે વાતચીત કરવામાં આવશે.

# સરકારમાં રાહુલના પ્રવેશનું સ્વાગત કરાશે : વડાપ્રધાન

નવી દિલ્હી,તા.૧૧

વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યું હતું કે સરકારમાં રાહુલ ગાંધીના પ્રવેશને તેઓ સ્વાગત કરશે. સરકાર અને કોંગ્રેસમાં તેમના માટે મોટી ભુમિકાની શક્યતા ચકાસવામાં આવી રહી છે તેવા અહેવાલ બાદ મનમોહનસિંહની આ પ્રતિક્રિયાને ખુબ જ મહત્વપુર્ણ ગણવામાં આવે છે. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા સિંહે કહ્યું હતું કે હું હંમેશા કહેતો આવ્યો છું કે રાહુલ ગાંધીનું સરકારમાં સ્વાગત કરવામાં આવશે. ગયા મહિનામાં રાહુલે પોતે જ કહ્યું હતું કે તેઓ કોંગ્રેસ અને સરકારમાં વધુ સક્રિય ભુમિકા અદા કરશે. જેના માટે નિર્ણય કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને વડાપ્રધાન મનમોહનસિંહ કરશે. કેબિનેટમાં ફેરફાર અને તેની પુનઃ રચના અંગે પુછવામાં આવતા વડાપ્રધાને કહ્યું હતું કે જ્યારે પણ શક્ય બનશે ત્યારે આ અંગે યોગ્ય નિર્ણય કરવામાં આવશે. દરમિયાન અન્ય મુદ્દા તરફ વળતા વડાપ્રધાને કહ્યું હતું કે મુડી દ્વારા કરવામાં આવેલી



ભારતના વિકાસ અંગેની આગાહી ચિંતા ઉપજાવે તેવી છે. પરંતુ આશા વ્યક્ત કરી હતી કે ભારત ગયા વર્ષની સરખામણીમાં વધુ સારો દેખાવ કરશે. ગયા વર્ષના ૬.૫ ટકાના આર્થિક વિકાસદરની સરખામણીમાં સારો દેખાવ કરશે. ભારતીય અર્થતંત્રમાં રહેલી નિરાશા અંગે વાત કરતાં મુડીએ ભારતના વિકાસદરનું ચિંતાજનક ચિત્ર રજુ કર્યું હતુ. મુડીની રિસર્ચ સંસ્થાએ દેશના આર્થિક વિકાસદર માટેની આગાહીને આ સપ્તાહમાં ઘટાડીને ૫.૫ ટકા કરી દીધી હતી. જો કે સિંહે આશા વ્યક્ત કરી હતી કે આ વર્ષે સ્થિતી વધુ સારી રહેશે. તેમણે એમપણ કહ્યું હતું કે ભારતીય અર્થતંત્રના પાયા ખુબ મજબુત છે. વિશ્વમાં મુડીરોકાણ અને બચત ભારતમાં સૌથી વધારે છે. મુડીની આગાહીમાં જણાવવામાં આવ્યું હતું કે ભારતનો જીડીપી વૃદ્ધીદર આ વર્ષે ૫.૫ ટકાની આસપાસ રહેશે. જ્યારે વર્ષ ૨૦૧૩માં વૃદ્ધીદર ૭ ટકાની આસપાસ રહેશે. અગાઉ આ વૃદ્ધીદર ૬.૨ ટકા દર્શાવવામાં આવ્યો હતો. મુડીની આગાહીને વડાપ્રધાને ગંભીરતાથી લીધી છે.

## આગવો માણસ...

● બીજા પાનાનું અનુસંધાન

શહેરોના શ્રેષ્ઠીઓ સમક્ષ દાનની સતત ટહેલ નાંખતા રહે છે. રોકડ મળે તો રોકડ અન્યથા ખાદ્યાન્ન સ્વીકારવાની પણ તૈયારી રાખે છે. સંસ્થાના લાભાર્થે ભાગવત કથા-ભાગવત સપ્તાહ કે નાના મોટા સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનો વિચારાય છે. શરૂ-શરૂમાં તેઓ સાઈકલ લઈને આસપાસનાં ગામોમાં અનાજ માગવા જતા એ કપરા દિવસો યાદ કરતાં રાજેશભાઈની આંખો આજે ય ભીની થઈ જાય છે. દરમહિને સરેરાશ ત્રીસેક હજાર રૂપિયાનો ખર્ચ થાય છે પણ કેટલાય નામી અનામી દાતાઓના દાન અને દિલેરીથી રાજેશભાઈએ આ સેવાદીપ અખંડ જલતો રાખી શક્યા છે!

અહીં પંદર સ્ત્રીઓ અને પંદર પુરુષો છે, કેવો સુયોગ? એક નહીં, બે નહીં પૂરા પંદર માતાપિતા સાથે રહેતા એકના એક લાડકા દીકરા જેવા રાજુને ક્રિશ્ના વૃધ્ધાશ્રમમાં કિલ્લોલ કરતો જોઈને સ્વર્ગવાસી માતાપિતાના આત્માને મળતી શાંતિનો કોઈને અંદાજ આવી શકે ખરો? પાંક આવતાં જ ફ...ર...ર.. કરીને ઊડી જતાં પંખીઓની પાછળ ખાલી પડેલા સૂના માળા જેવા આ વૃધ્ધોને તેમના સવાયા દીકરી રાજેશભાઈ પુત્રની સહેજે ય ખોટ સાલવા દેતા નથી. એકવાર એવું બન્યું, એક માનસિક અસ્થિર મહિલાને રખિયાલ પોલિસ આ વૃધ્ધાશ્રમમાં મૂકી ગઈ. વિસ્મૃતિના ગર્તમાં સરી પડેલ આ મહિલાને ખુદનું નામ સુધ્ધાં યાદ નહોતુ, કયા નામે બોલાવવું એ પ્રશ્ન હતો. રાજેશભાઈ તત્કાળ ફોઈ બની ગયા. આ મહિલાને સુંદર મજાનું નામ આપી દીધું બબીબા ! આ બબીબાને દુનિયાદારીનું કોઈ ભાન નથી. જેને સગાં ન સાચવી શક્યાં એ અર્ધપાગલ મહિલાને આપણા રાજેશભાઈ સગી જનેતાથી અધિક સાચવી રહ્યા છે. તેમનો સિધ્ધાંત છે કે કોઈનો વર્તમાન સુધારવાનું કામ હાથ ઉપર લીધું હોય ત્યારે તેનો ભૂતકાળ કદાપિ ન પૂછવો. નિરાધાર વૃધ્ધોની વેદના વાંચવાની કલામાં શ્રી રાજેશભાઈ અનુભવે પારંગત થઈ ગયા છે. કહેવાતા ધર્મનિરપેક્ષ માણસો માટે રાજેશભાઈ પદાર્થપાઠ છે. તેઓ કહે છે કે આ વૃધ્ધાશ્રમમાં આશ્રય લેવા આવતાં કોઈપણ વૃધ્ધને તેની જ્ઞાતિ કે ધર્મ પૂછવાનો અહીં રિવાજ નથી. તે માનવ હોય એ જ પૂરતું છે. આ તો સમાજસેવાનો યજ્ઞ છે. અહીં તો સહુ સરખા ! ક્રિશ્ના પરિવારના તમામ વૃધ્ધો એક રીતે જુઓ તો બડભાગી છે. રોજ રોજ આપણને પણ ખાવા ન મળે તેવા વિવિધ મીઠાઈ અને ફરસાણના વ્યંજનો રાજેશભાઈ તેઓએ પ્રેમથી જમાડે છે. રાજેશભાઈ કહે છે કે આજકાલ આશાનું એક ઉજળું કિરણ કવચિત પૂર્વાકાશે જોવા મળી જાય છે. કેટલાક યુવાનો અને યુવતીઓ પોતાનો જન્મદિન કે લગ્નતિથિ વૃધ્ધાશ્રમના વડીલો સાથે ઉજવવાનું પસંદ કરે છે, તો કોઈ કારણે પોતાના માબાપને ન પાળી શક્યાનો વસવસો લઈને કેટલાક દીકરાવહુઓ પણ અહીં આવે છે. માબાપને જીવતેજીવ નહીં જમાડી શક્યાનો અફસોસ વ્યક્ત કરીને પ્રાયશ્ચિતરૂપે માતાપિતાની પુણ્યતિથિ નિમિત્તે વૃધ્ધોને જમાડે છે. આવા પ્રસંગે આ વૃધ્ધોને પૂછીને તેમની પસંદગીની વાનીઓ બનાવવાની અહીં પ્રથા છે. રાજેશભાઈ આ વૃધ્ધોને સાથે રાખીને રક્ષાબંધન, જન્માષ્ટમી, નવરાત્રી અને દિવાળી જેવા ધાર્મિક પર્વો પણ હર્ષોલ્લાસથી ઉજવે છે. વરિષ્ઠોનું મન પ્રવાસથતી પ્રફુલ્લિત રહે છે તે જાણ્યા પછી તેઓ વૃધ્ધોને સમયાન્તરે પ્રવાસ પણ કરાવે છે. માંદા અને અશક્ત વૃધ્ધોની પૂરતી સારસંભાળ રાખે છે. ખાસ કરીને માનસિક વિશિષ્ટ વૃધ્ધોનું વિશેષ ધ્યાન રખાય ચે. દવાદારૂ ઉપરાંત જરૂરલાગે ત્યારે હોસ્પિટલમાં દાખલ કરે છે અને રખે કોઈનું મૃત્યુ થાય તો એક સ્વજનને છાજે તે રીતે ભવ્ય અંતિમક્રિયા પણ કરે છે. ઘડીભર તો એવું લાગે છે કે આ વૃધ્ધો પોતાના ઘરે રહેતા હોત તો કદાચ તેમના સગા પુત્રો પાસેથી પણ આવા લાડકોડ પામ્યા ન હોત! રાજેશ ભટ્ટ કહે છે કે પરિવારના સાથ સહકાર વિના આવું ભગીરથ કામ ન થઈ શકે. ક્રિશ્ના વૃધ્ધાશ્રમનો એક પાયો જો હું હોઉં તો બાકીના ત્રણ પાયા મારાં ધર્મપત્ની ભારતીબેન, પુત્રી માર્ગી અને પુત્ર કેયુર છે ! સેવા અને પ્રામાણિકતા એક સિક્કાની બે બાજુ જેવા છે. રાજેશભાઈ આ બાબતે સંપૂર્ણ સજાગ છે. પ્રસિધ્ધિના મોહથી સદાય પર રહેતા રાજેશભાઈનું માનવું છે કે નામ નહીં પણ કામ બોલે છે.

પારદર્શક સેવાઓની ખ્યાતિ સુગંધી પુષ્પના પમરાટ પેઠે દૂરસુદૂર પહોંચતા વાર લાગતી નથી એટલે જ તેમને સુરત, વડોદરા અને અમદાવાદથી અવિરત દાન મળતું રહે છે. જીએસપીસી અનાજ અને દવાઓ પુરી પાડે છે તો ગાંધીનગરના ડૉ. બદ્રિશ સંઘવી નિઃશુલ્ક તબીબી સેવા પૂરી પાડે છે. ભારતીય સ્ટેટ બેન્ક તરફથી એસી ભેટમાં મળ્યું તો ગુડાના ચેરમેન તરફથી વોટરકુલર ! શ્રીનાથજી ગાંઠિયારથના માલિક અશ્વિનભાઈ શર્માએ સિત્તોર હજારના ખર્ચે વૃધ્ધોનો યાત્રા કરાવી તો અમદાવાદના રાકેશ પટેલે સવા લાખના ખર્ચે આ તમામ વૃધ્ધોને રાજસ્થાનનો પ્રવાસ કરાવ્યો ! તાકીદની પરિસ્થિતિમાં કે ગંભીર બિમારીમાં વૃધ્ધોને હોસ્પિટલ લઈ જવા માટે રાજેશભાઈને એક એમ્બ્યુલન્સની આવશ્યકતા લાગતી હતી. આ એમ્બ્યુલન્સ કેવી રીતે મેળવી શકાશે તેની ચિંતા સતાવવાનું શરૂ કરે તે પહેલાં જ એક દાતા દ્વારા મારૂતિવાન ભેટમાં મળી ગઈ. બસ, કામ થઈ ગયું. આને કહેવાય પ્રામાણિક અવાજનો પ્રામાણિક પડઘો ! રાજેશભાઈની આ સેવાકીય પ્રવૃત્તિથી પ્રભાવિત થઈને એક સજ્જને મુબારકપુરમાં થોડી જમીન ભેટ આપી છે, જે જગ્યા પર તેઓ અંધ અને શારીરિક વિશિષ્ટ વૃધ્ધો માટે આશ્રમ બનાવવાનું વિચારી રહ્યા છે.

ભારતીબેન હમણાં સુધી તો સવારસાંજ વૃધ્ધાશ્રમના તમામ વૃધ્ધો માટેની રસોઈ બનાવતા પણ હવે તેમની નાદુરસ્ત તબિયતને કારણે રસોઈ કરવા માટે એક રસોયણ બહેન રાખ્યાં છે. રાજેશભાઈ જો કે વૃધ્ધ નથી, હજી પંચાવનના જ થયા છે. પણ હમણાંથી તેમનું સ્વાસ્થ્ય ઠીક રહેતું નથી. છતાં એકવીસમી સદીના આ અર્વાચીન શ્રવણે તેમના પંદર પંદર માત્પિતાની સેવા કરવામાં કદી પાછું વાળીને જોયું નથી. તેમના હૃદયની બેત્રણ નળીઓમાં બ્લોકેજ છે તેવું નિદાન થયું છે. રોજ ઢગલોએક દવા ખાય છે. દવાઓ જે અસર કરે તે કરે, પણ આ નિરાધાર વૃધ્ધોના હૃદયમાંથી નીકળતા માયાળુ આશીર્વાદનાં અસંખ્ય બલુન પૈકી એકાદું બલુન પૈકી એકાદું બલુન કદાચ ચમત્કારિક રીતે આ બ્લોકેજ ખોલી નાંખે તો નવાઈ નહીં!

વિચારકણિકા : બધાં ઝાકળનાં બિન્દુઓ કંઈ આંસુ નથી બનતાં,

બહુ મુશ્કેલ છે હર લાગણીનું લાગણી હોવું !!!... ભગવતીકુમાર શર્મા

**ફર્નિચર ભાડે મળશે**

ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.

મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

# હમિદ અંસારીના ૧૪માં ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ

નવી દિલ્હી,તા. ૧૧

હમિદ અંસારીએ આજે દેશના ૧૪માં ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ બીજી અવધી માટે હમિદ અંસારીને ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લેવડાવ્યા હતા. ૭૫ વર્ષીય અંસારીએ ભવ્ય કાર્યક્રમમાં શપથ લીધા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં યોજાયેલી ઉપરાષ્ટ્રપતિની ચુંટણીમાં અંસારીએ એનડીએના ઉમેદવાર જસવંતસિંહને હાર આપી હતી. ઉપરાષ્ટ્રપતિ તરીકે અંસારી ફરી ચુંટાઈ આવ્યા છે. અંસારીને ચુંટણીમાં ૭૨૮ માન્ય મત પૈકી ૪૯૦ મત મેળવ્યા હતા જ્યારે જસવંતસિંહને ૨૩૮ મત મળ્યા હતા. અંસારીને ૨૦૦૭માં યોજાયેલી ચુંટણીમાં મળેલા મત કરતા આ વખતે વધારે મત મળ્યા છે. કોંગ્રેસ અને યુપીએના અન્ય સાથી પક્ષોનો અંસારીને ટેકો મળ્યો હતો. એનસીપી, ડીએમકે અને એનસીનો ટેકો પણ મળ્યો હતો. અંસારી ઉપરાષ્ટ્રપતિ પદ માટે ફરી ચુંટાઈ આવનાર એકમાત્ર વ્યક્તિ છે. હમિદ અંસારીની શપથવીધીમાં આજે મોટી સંખ્યામાં જાણિતી હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. જેમાં નાગરિક અને વહીવટી અધિકારી સામેલ છે.

SANGHI CEMENT
KisaN
VINAYAK 500
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR. FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વેચાણ ધરાવતી ફર્મ
**કામધેનુ સ્ટીલ**
ભરોસાપાત્ર ISI
T.M.T. સ્ટીલ
અહી સામાન્ય સ્ટીલ વપરાયેલું છે
અહી કામધેનુ સ્ટીલ વપરાયેલું છે
અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી
સેલ્સ પ્રમોટર્સ
**કૈલાસ ટ્રેડર્સ**
લોદરાવાળા
Steel Tiger
૯૩૩/૨, સેક્ટર-૩/ડી, ગાંધીનગર.
ફોન : ૯૮૨૪૨ ૬૧૨૨૫, ૨૩૨૨૩૮૦૧,
૯૯૯૮૪ ૭૩૨૦૦

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી
FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :-
**શ્રી વૈષ્ણી ટ્રેડર્સ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O): 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729